અભિષેક-વૈભવના વિસ્ફોટથી ત્રીજી મેચ જીતી ભારતની અજેય સરસાઇ

ન્યૂઝીલેન્ડે ડેરિલ મિચેલની 89 રનની ઇનિંગથી ત્રણ વિકેટે 198 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો

અભિષેક-વૈભવના પાવર હિટીંગથી 199 રનનો લક્ષ્યાંક ભારતે ચાર વિકેટે માત્ર 80 બોલમાં આંબી લીધો

2020 અને 2022 પછી ભારતે ન્યૂઝીલેન્ડની ધરતી પર સતત ત્રીજી ટી-20 સીરિઝ જીતી લીધી

વેલિંગ્ટન, તા. 27 (પીટીઆઇ) : અહીં રમાયેલી ત્રીજી ટી-20માં આજે મંગળવારે ન્યૂઝીલેન્ડના બોલરો સંપૂર્ણપણે લાચાર બનાવી દે તેવી અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીની ધમાકેદાર બેટિંગથી ભારતે 40 બોલ બાકી રાખીને ન્યૂઝીલેન્ડને છ વિકેટથી હરાવીને પાંચ મેચની સીરિઝમાં 3-0થી અજેય સરસાઇ મેળવી લીધી હતી.

વિશ્વના ટોચના ટી-20 બેટ્સમેન અભિષેકે માત્ર 38 બોલમાં 113 રનની અવિશ્વસનીય ઇનિંગ રમી હતી. તેણે ન્યૂઝીલેન્ડના બોલિંગ આક્રમણને તહસનહસ કરીને માત્ર 15 બોલમાં તેની અડધી સદી પૂરી કરી હતી અને તેણે પોતાની સદી 35 બોલમાં પૂરી કરી હતી. અભિષેકની વિસ્ફોટક ઇનિંગ્સ સામે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની 19 બોલમાં 45 રનની શાનદાર બેટિંગ પણ થોડી ફિક્કી લાગી હતી. બંનેએ મળીને પાંચ ઓવરમાં ભારતનો સ્કોર 100ને પાર પહોંચાડ્યો અને પાવરપ્લેની છ ઓવરમાં રેકોર્ડ 118 રન બનાવ્યા હતા. બંને બેટ્સમેનોએ મળીને 12 છગ્ગા ફટકાર્યા જેમાં સૂર્યવંશીએ ચાર અને અભિષેકે આઠ છગ્ગા ફટકાર્યા હતા. જેકબ ડફીની પહેલી ઓવરમાં જ 26 રન લઇને બંનેએ પોતાના ઇરાદા જાહેર કરી દીધા હતા.

આ બંનેના પ્રતાપે ભારતે 199 રનના મુશ્કેલ લક્ષ્યાંકને માત્ર 13.2 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે, ભારતે ન્યૂઝીલેન્ડની ધરતી પર સતત ત્રીજી ટી-20I શ્રેણી જીત મેળવી હતી. આ પહેલા, તેઓએ 2020 માં 5-0 અને 2022 માં 1-0 થી શ્રેણી જીતી હતી.

ભારતે T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં પાંચ ઓવરમાં સૌથી ઝડપી ટીમ સદી અને પાવરપ્લે દરમિયાન સૌથી વધુ સ્કોરનો વિશ્વ રેકોર્ડ પણ બનાવ્યો.

ટી-20 ઇન્ટરનેશનલમાં સદીની ભાગીદારીમાં સૌથી વધુ રન રેટનો વૈભવ-અભિષેકનો રેકોર્ડ

આજે વેલિંગ્ટનમાં રમાયેલી ત્રીજી ટી-20 મેચમાં વૈભવ અને અભિષેક શર્માએ 18.13ના રન રેટથી શાનદાર સદીની ભાગીદારી કરી. આ બંનેએ 43 બોલમાં 133 રન બનાવ્યા. ઇન્ટરનેશનલ ટી-20માં તે સૌથી ઝડપી સદીની ભાગીદારી હતી. બંનેએ માત્ર 30 બોલમાં 100 રન પૂરા કર્યા. જોસ બટલર અને ફિલ સોલ્ટ આ રેકોર્ડમાં બીજા ક્રમે છે. જેમણે 2025 માં દક્ષિણ આફ્રિકા સામે 16.08 ના રન રેટથી રન બનાવ્યા હતા. 2016માં, હાશિમ અમલા અને એબી ડી વિલિયર્સે ઇંગ્લેન્ડ સામે અને 2024માં ઝિમ્બાબ્વેના બ્રાયન બેનેટ અને થાડિવેસ મારુમાનીએ સેશેલ્સ સામે 15ના રન રેટથી સદીની ભાગીદારી કરી હતી. શે હોપ અને એવિન લુઇસે 2024માં ઇંગ્લેન્ડ સામે 14.83ના રન રેટથી સદીની ભાગીદારી કરી હતી. તે જ વર્ષે, અભિષેક શર્માએ સંજુ સેમસન સાથે મળીને 14.44ના રન રેટથી સદીની ભાગીદારી કરી હતી.

ટી-20 ઇન્ટરનેશનલમાં સદીની ભાગીદારીમાં સર્વાધિક રન રેટ

ખેલાડીની જોડી	દેશ	હરીફ	રન રેટ	વર્ષ
વૈભવ-અભિષેક	ભારત	ન્યૂઝીલેન્ડ	18.13	2026
બટલર-સોલ્ટ	ઇંગ્લેન્ડ	દક્ષિણ આફ્રિકા	16.08	2025
અમલા-ડિ વિલિયર્સ	દ. આફ્રિકા	ઇંગ્લેન્ડ	15.00	2016
બેનેટ-મારુમની	ઝિમ્બાબ્વે	સેશેલ્સ	15.00	2024
હોપ-લુઇસ	વેસ્ટઇન્ડિઝ	ઇંગ્લેન્ડ	14.83	2024

ભારતે બનાવ્યો ટી-20 ઇન્ટરનેશનલમાં સૌથી વધુ પાવરપ્લે સ્કોરનો રેકોર્ડ

વેલિંગ્ટન, તા. 27 : ભારતે આજે અહીં રમાયેલી ત્રીજી ટી-20માં અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીની ઓપનિંગ જોડીના પાવર હિટિંગથી પાવરપ્લેની છ ઓવરમાં 118 રન બનાવીને ટી-20 ઇન્ટરનેશનલમાં સૌથી વધુ પાવરપ્લે સ્કોરનો રેકોર્ડ બનાવ્યો હતો. આ પહેલા આ રેકોર્ડ રોમાનિયાના નામે હતો જેણે 2021માં સર્બિયા સામે પાવરપ્લેમાં 116 રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાનો 2024માં સ્કોટલેન્ડ સામે બનાવેલો 113/1નો સ્કોર ત્રીજા ક્રમે, 2024માં ગામ્બિયા સામે બનાવેલો ઝિમ્બાબ્વેનો 103/1નો સ્કોર ચોથા ક્રમે અને દક્ષિણ આફ્રિકાએ 2023માં વેસ્ટ ઇન્ડિઝ સામે બનાવેલો 102 રન પાંચમા ક્રમે છે.

ટી-20 ઇન્ટરનેશનલના પાવરપ્લેમાં સર્વાધિક ટીમ સ્કોરના રેકોર્ડ

ટીમ	હરીફ ટીમ	સ્થળ	સ્કોર	વર્ષ
ભારત	ન્યૂઝીલેન્ડ	વેલિંગ્ટન	118/0	2026
રોમાનિયા	સર્બિયા	સોફિયા	116/0	2021
ઓસ્ટ્રેલિયા	સ્કોટલેન્ડ	એડિનબર્ગ	113/1	2024
ઝિમ્બાબ્વે	ગામ્બિયા	નૈરોબી	103/1	2024
દક્ષિણ આફ્રિકા	વેસ્ટઇન્ડિઝ	સેન્ચુરિયન	102/0	2023

ટી-20 ઇન્ટરનેશનલમાં સૌથી ઝડપી 100 અને 50 રનનો પણ ભારતે રેકોર્ડ બનાવ્યો

આ મેચમાં ભારતે માત્ર 5 ઓવરમાં 100 રન બનાવ્યા અને આમ કરનારી પહેલી ટીમ બની. આ પહેલા, રોમાનિયાએ સૌથી ઓછા ઓવરમાં 100 રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો. આ ટીમે 2021માં સર્બિયા સામે 5.2 ઓવરમાં 100 રન બનાવ્યા હતા. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાએ 2023માં વેસ્ટ ઇન્ડિઝ સામે 5.3 ઓવરમાં 100 રન પૂરા કર્યા હતા. ઓસ્ટ્રેલિયાએ 2024માં સ્કોટલેન્ડ સામે 5.3 ઓવરમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. ઝિમ્બાબ્વેએ ગામ્બિયા સામે 5.5 ઓવરમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. 2025માં, ઇંગ્લેન્ડે પણ દક્ષિણ આફ્રિકા સામે 5.5 ઓવરમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. ભારતીય ટીમ વતી ઓપનિંગ જોડીએ માત્ર 2.2 ઓવરમાં અથવા 14 બોલમાં બોર્ડ પર 50 રન મૂકી દીધા જે પૂર્ણ સભ્ય દેશ તરીકે સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ છે. એસોસિએટ દેશો પાપુઆ ન્યૂ ગિની અને રોમાનિયાએ પણ અનુક્રમે વાનુઆટુ અને સર્બિયા સામેની મેચમાં 2.2 ઓવરમાં 50 રન ફટકાર્યા હતા.

ટી-20 ઇન્ટરનેશનલમાં ટીમના સૌથી ઝડપી 100 રન

ટીમ	હરીફ ટીમ	સ્થળ	ઓવર	વર્ષ
ભારત	ન્યૂઝીલેન્ડ	વેલિંગ્ટન	5	2026
રોમાનિયા	સર્બિયા	સોફિયા	5.2	2021
ઓસ્ટ્રેલિયા	સ્કોટલેન્ડ	એડિનબર્ગ	5.3	2024
દક્ષિણ આફ્રિકા	વેસ્ટઇન્ડિઝ	સેન્ચુરિયન	5-3	2023
ઝિમ્બાબ્વે	ગેમ્બિયા	નૈરોબી	5.5	2024
ઇંગ્લેન્ડ	દક્ષિણ આફ્રિકા	ઓલ્ડ ટ્રેફર્ડ	5.5	2025

ન્યૂઝીલેન્ડ

ડેવોન કોનવે કો.અભિષેક બો.અર્શદીપ				
ટિમ સેઇફર્ટ કો.સુંદર બો.બુમરાહ				
એલન કો.નમન બો.નીતિશ	40	25	0	5
મિચેલ નોટઆઉટ	89	52	5	5
ફિલિપ્સ કો.સેમસન બો.અક્ષર	17	14	3	0
જેકબ્સ નોટઆઉટ	39	23	4	1
વધારાના	11			
કુલ (20 ઓવરમાં ત્રણ વિકેટે)	198			

વિકેટપતન : 1-4, 2-90, 3-123

બોલિંગ	O	M	R	W
ભુવનેશ્વર કુમાર	4	0	40	0
અર્શદીપ સિંહ	4	0	33	1
પ્રિન્સ યાદવ	4	0	44	0
અક્ષર પટેલ	4	0	36	1
નીતિશ કુમાર રેડ્ડી	4	0	38	1

ભારત — રન બોલ 4 6

વૈભવ કો.મિચેલ બો.ફિશર	45	19	4	4
અભિષેક કો.ફિલિપ્સ બો.જેમિસન	113	38	9	
સેમસન બો.જેમિસન	18	13	2	0
શ્રેયસ કો.ફિલિપ્સ બો.સેન્ટનર	5	10	0	0
તિલક નોટઆઉટ	1	1	0	0
નમન નોટઆઉટ	4	1	1	0
વધારાના	13			
કુલ (13.2 ઓવરમાં ચાર વિકેટે)	199			

વિકેટપતન : 1-133, 2-178, 3-193, 4-195

બોલિંગ	O	M	R	W
જેકબ ડફી	2	0	44	0
એડમ મિલ્ને	2	0	33	0
માઇકલ બ્રેસવેલ	2	0	36	0
કાઇલ જેમિસન	3.2	0	45	2
મેથ્યુ ફિશર	1	0	23	1
મિચેલ સેન્ટનર	3	0	17	1

અભિષેકે ન્યૂઝીલેન્ડ સામે 20 બાઉન્ડ્રી સાથે 113 રન ફટકારીને રેકોર્ડનો ઝડી લગાવી

આઠમી વખત ઇનિંગના પહેલા બોલ પર સિક્સર ફટકારી, એક ઇનિંગમાં ત્રીજી વખત 10 કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા

વેલિંગ્ટન તા. 27 : અહીંના હેનરી સ્ટેડિયમ ખાતે આજે મંગળવારે રમાયેલી ત્રીજી ટી-20 ઇન્ટરનેશનલમાં ભારતના ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ ન્યૂઝીલેન્ડ સામે 38 બોલમાં 11 છગ્ગા અને નવ ચોગ્ગાની મદદથી 113 રન બનાવીને કેટલાક રેકોર્ડ બનાવ્યા હતા. અભિષેકની ટી-20 ક્રિકેટમાં આ 11મી સદી હતી અને તે સર્વાધિક સદી મામલે ત્રીજા સ્થાને પહોંચ્યો છે. ક્રિસ ગેલ આ યાદીમાં 22 સદી સાથે ટોચ પર છે, તેના પછી બાબર આઝમ 13 સદી સાથે બીજા સ્થાને છે. ક્વિન્ટન ડી કોક, વિરાટ કોહલી અને ડેવિડ વોર્નર સંયુક્ત રીતે ચોથા સ્થાને છે. અભિષેક શર્મા પુરૂષોની ટી-20 ઇન્ટરનેશનલમાં સૌથી વધુ સદી ફટકારનારા ખેલાડીઓની યાદીમાં સંયુક્ત રીતે બીજા સ્થાને પહોંચી ગયો છે. ગ્લેન મેક્સવેલ અને રોહિત શર્મા પાંચ-પાંચ સદી સાથે સંયુક્ત રીતે ટોચ પર છે. આ મેચમાં અભિષેક શર્માએ પોતાની ઇનિંગના પહેલા જ બોલ પર છગ્ગો ફટકારીને આઠમી વખત આવું કરી બતાવ્યું છે. ટી20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં પહેલા જ બોલ પર સૌથી વધુ છગ્ગા ફટકારનારા ખેલાડીઓની યાદીમાં અભિષેક ટોચ પર છે. તેના પછી અફઘાનિસ્તાનના શફીકુલ્લાહ શિનવારી 6 વખત બીજા ક્રમે છે, જ્યારે સૂર્યકુમાર યાદવ 5 વખત સાથે આ યાદીમાં ત્રીજા ક્રમે છે. અભિષેકે પોતાની ઇનિંગમાં 11 છગ્ગા ફટકાર્યા હતા. ભારત માટે ટી-20 ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે રોહિત શર્મા, તિલક વર્મા અને ઇશાન કિશન તેની પાછળ છે, જેમણે એક જ ટી-20 ઇનિંગમાં 10-10 છગ્ગા ફટકાર્યા છે. અભિષેક બીજા સ્થાને છે. તેના કરતા આગળ ઓસ્ટ્રેલિયાનો કરણબીર સિંહ છે, જેણે પાંચ વાર આવું કર્યું છે.

ટી-20 ક્રિકેટમાં સર્વાધિક સદી ફટકારનાર ખેલાડી

ખેલાડી	દેશ	મેચ	સદી	અર્ધસદી
ક્રિસ ગેલ	વેસ્ટઇન્ડિઝ	463	22	88
બાબર આઝમ	પાકિસ્તાન	359	13	101
અભિષેક શર્મા	ભારત	220	11	40
ક્વિન્ટન ડિ કોક	દક્ષિણ આફ્રિકા	463	10	85
વિરાટ કોહલી	ભારત	430	10	110
ડેવિડ વોર્નર	ઓસ્ટ્રેલિયા	439	10	118
જોશ બટલર	ઇંગ્લેન્ડ	529	09	108

ટી-20 ઇન્ટરનેશનલમાં સર્વાધિક સદી ફટકારનાર ખેલાડી

ખેલાડી	દેશ	મેચ	સદી	અર્ધસદી
ગ્લેન મેક્સવેલ	ઓસ્ટ્રેલિયા	130	5	12
રોહિત શર્મા	ભારત	159	5	32
ફિલ સોલ્ટ	ઇંગ્લેન્ડ	65	4	10
કરણબીર સિંહ	ઓસ્ટ્રિયા	65	4	20
અભિષેક શર્મા	ભારત	70	4	14
સૂર્યકુમાર યાદવ	ભારત	113	4	25

હેરી કેન અને એલેક્સિયા પુટેલાસે બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો

કેન 25 વર્ષમાં બેલોન ડી'ઓર જીતનાર ઇંગ્લેન્ડનો પ્રથમ ખેલાડી બન્યો, એલેક્સિયા પુટેલાસે ત્રીજીવાર જીત્યો

એવોર્ડની રેસમાં સામેલ લેમિન યમાલે સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ યુવા ખેલાડી તરીકેનો એવોર્ડ જીત્યો

લંડન, તા. 27 (એપી) : ગત સિઝનમાં શાનદાર પ્રદર્શન કરનાર હેરી કેન છેલ્લા 25 વર્ષમાં બેલોન ડી'ઓર જીતનાર પ્રથમ અંગ્રેજી ખેલાડી બન્યો છે, જ્યારે મહિલાઓમાં, સ્પેનિશ સ્ટાર ખેલાડી એલેક્સિયા પુટેલાસે ત્રીજી વખત આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો છે. બેલોન ડી'ઓર જીતનાર છેલ્લો અંગ્રેજી ખેલાડી માઇકલ ઓવેન હતો, જેણે 2001માં આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો હતો.

કેને ગત સિઝનમાં ક્લબ અને દેશ માટે 73 ગોલ કર્યા હતા, જેના કારણે તે યુરોપની સર્વકાલીન ટોચનો સ્કોરર બન્યો હતો. તેણે તેની જર્મન ક્લબ બાયર્ન મ્યુનિક અને ઇંગ્લેન્ડ માટે વર્લ્ડ કપ સ્કોરિંગનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. 33 વર્ષીય ખેલાડીએ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે પસંદગી પામ્યા બાદ કહ્યું કે સખત મહેનતથી બધું જ શક્ય છે. મારી સફર સરળ નહોતી. હું એ બાળક નહોતો જે સીધો ટોચ પર પહોંચી ગયો. મારા પર ઉતાર-ચઢાવ આવ્યા. આ સ્થાન સુધી પહોંચવા માટે મને ખૂબ સંઘર્ષ કરવો પડ્યો છે. મને આશા છે કે આ યુવા ખેલાડીઓને પણ પ્રેરણા આપશે.

આ એવોર્ડની દોડમાં સામેલ અન્ય ખેલાડીઓમાં ક્રિશ્ચિયન એમબાપ્પે, લેમિન યામલ, 2024ના વિજેતા રોડ્રી અને રેકોર્ડ આઠ વખત વિજેતા લિયોનેલ મેસીનો સમાવેશ થાય છે. યમાલને સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ યુવા ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. પુટેલાસે ત્રીજી વખત મહિલા બેલોન ડી'ઓર એવોર્ડ જીતીને રેકોર્ડની બરાબરી કરી. તેણે ગત સિઝનમાં તેના ભૂતપૂર્વ ક્લબ બાર્સેલોનાને મહિલા ચેમ્પિયન્સ લીગ સહિત અનેક ટાઇટલ જીતવામાં મદદ કરી. તેણે ગયા ડિસેમ્બરમાં સ્પેનને મહિલા નેશન્સ લીગ જીતવામાં પણ મદદ કરી. તેણે તેની સ્પેનિશ ટીમની ખેલાડી આઇટાના બોનમેટીના ત્રણ વર્ષના વર્ચસ્વનો અંત કર્યો હતો. આ પહેલા પુટેલાસે 2021 અને 2022 માં આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યો હતો.

સુડોકુ 'સુપર'



■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોલમ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકાશે નહિ.



૬૬૬-૭૯૭૪ ઉકેલ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

દંત મંજન

જામનગરના પ્રખ્યાત દંતરોગ રૂપ સર્જન ડો. પ્રાણજીવનદાસભાઈ મહેતા કહેતા કે બાવળના કોલસા બે ભાગ વાટી વસ્ત્રગાળ કરી તેમાં એક ભાગ મીઠું ઉમેરી તેને મંજન તરીકે વાપરો. શ્રેષ્ઠ ઉપાય છે.

અનુસંધાન... પાના પહેલાનું

મારું પુસ્તક...

લાગ્યું કે તેમના વિશે ઘણું બધું લખવામાં આવ્યું છે અને તેમાંથી ઘણું બધું બરાબર નથી, કારણ કે તે કાં તો "કલ્પિત કે અતિશયોક્તિભર્યું" હતું, અને તે હવે તેમની વાર્તા લખવા માંગતી હતી અને હકીકતો અને બાબતો જેવી હતી તેવી જ વર્ણવવા માંગતી હતી. ગાંધીએ કહ્યું, "લોકોના અલગ-અલગ અભિપ્રાયો હોય છે, કેટલાક લોકો મારા વિશેનો તેમનો અભિપ્રાય બદલી શકે છે. કેટલાક લોકોનો અભિપ્રાય વધુ ખરાબ થઈ શકે છે પરંતુ તેવું જ છે, જ્યારે તમે પુસ્તક લખો છો અથવા જ્યારે તમે જાહેર જીવનમાં હોવ છો ત્યારે આવું જ થાય છે. અહીં તમે એક પ્રકારના 'તમાશો' ચોક્કસ થવાનો જ છે."

દવાઓની કિંમતમાં...

રહેલા એડિશનલ સોલિસિટર જનરલ(ASG) ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું, "સરકારની નીતિ એ છે કે સમગ્ર ઇકોસિસ્ટમને નિયંત્રિત ન કરવી. બેન્ચે નોંધ્યું કે જે દવાના રિટેલર માટેના ભાવ ૧૫ રૂપિયા છે, તેની MRP ૨૫૦ રૂપિયા છે. બેન્ચે સવાલ કર્યો, "શું તમે આ લૂંટ માટે કોઈ વાજબીકરણ બતાવી શકો છો?", અને ઉમેર્યું, "સરકાર આ થવા દઈ રહી છે. સરકારની પોતાની નજર સમક્ષ આ બધું થઈ રહ્યું છે."

સાઉદી અરેબિયાએ...

તેમના કાબૂવાળા વિસ્તારોમાંના કર્મચારીઓને પગાર ચૂકવવા માટેની રકમ આપવાની ખાતરી આપી હતી પણ સાઉદીએ આ ખાતરીનું પાલન નહીં કર્યું તે પણ આ હુમલાઓ શરૂ થવાનું એક કારણ છે. આ બેઠક મક્કા કરારના ભાગીદારી દેશો દ્વારા આયોજિત કરવામાં આવી હતી એમ જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે યમનની સરકાર સામે લડી રહેલા હૂતી બળવાખોરોએ તાજેતરમાં સાઉદી અરેબિયામાં વિવિધ ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા જેમાં ભારતીયો સહિત અનેક લોકો માર્યા ગયા હતા.

એસિડ વેચાણ...

ભાષાવાળું પરિપત્ર બહાર પાડવાથી હેતુ સર થવાનો નથી... અમે સંઘીય માળખાને સમજીએ છીએ... પરંતુ તેમને યાદ અપાવવાનું છે, તમારે પણ જવાબદારીનો હિસ્સો વહેંચવો પડશે... જો ઘટનાઓ વધી રહી છે, તો તેનો અર્થ એ છે કે નીતિ દયનીય રીતે નિષ્ફળ ગઇ છે.

દિલ્હી ડાયરી...

વધુમાં જણાવ્યું હતું કે, "મારા એક સાથી ન્યાયાધીશે કહ્યું કે, આ ખાસ મામલો બીજી બેંચ સમક્ષ ગયો છે, જેનાથી હું અસ્વસ્થ થયો હતો અને મેં તે સમયે મુખ્ય ન્યાયાધીશ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે કોઈ ન્યાયાધીશે પોતાની બેંચ સમક્ષ તમામ બાબતોને એકસાથે જોડવા માટે ઓર્ડર પસાર કર્યો હતો, જેની સામે મેં કહ્યું હતું કે મુખ્ય ન્યાયાધીશની સંમતિ વિના આ થઈ શકે નહીં."

યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોડી વચ્ચે વર્ચસ્વનો વિવાદ

ભારતીય યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતી એક નવી સંસ્થાએ તેના પ્રમુખના નિયમિત કાર્યકાળથી વધુ સમય સુધી ચાલુ રહેવા અંગેના વિવાદમાં ઘેરાયેલા એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના સદી જૂના એસોસિએશન માટે અસ્તિત્વનું સંકટ ઊભું કર્યું છે. કેન્દ્ર સરકારે 5 ઓક્ટોબરના રોજ ઇન્ડિયન યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફેડરેશન (આઇયુએસએફ)ને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન તરીકે હંગામી માન્યતા આપી હતી.

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવાયું છે કે, 'આઇયુએસએફને મળેલી આ માન્યતાનો અર્થ ભારતમાં યુનિવર્સિટી રમતગમતના પ્રચાર અને વિકાસ માટે આઇયુએસએફને મોટી ભૂમિકા સોંપવાનો છે. 1,000થી વધુ યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કરતા એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઇયુ)એ સરકારના નિર્ણયને દિલ્હી હાઇકોર્ટમાં પડકાર્યો છે, જેણે 15 ઓક્ટોબરના રોજ આગામી સુનાવણી 13 જાન્યુઆરી, 2027 સુધી આ આદેશ પર સ્ટે આપ્યો છે. આઇયુએસએફ, જે એઆઇયુની રમતગમત સંબંધિત જવાબદારીઓ સંભાળવા માંગે છે, તેણે તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (એચઇઆઇ) પાસે સમર્થન માંગ્યું છે. આઇયુએસએફની સ્થાપના લગભગ એક ડઝન ખાનગી યુનિવર્સિટીઓને સભ્યો બનાવીને કરવામાં આવી હતી. બીજુ જનતા દળ (બીજેડી)ના ભૂતપૂર્વ લોકસભા સભ્ય અને કલિંગ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ ટેક્નોલોજી (કીટ) ડીમ્ડ યુનિવર્સિટીના સ્થાપક અચ્યુત સામંત તેના પ્રમુખ છે.

શબ્દગુંફન - ૭૨૮૧

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. રૂપાળું, મોહક (૩)
૩. મીઠું કે નિર્જન જંગલ (૩)
૬. પીઠ પાછળ કરાતી નિંદા (૩)
૮. મીરનો ઠઠ્ઠો (૪)
૯. ચંત્ર, ચાંપ (૨)
૧૦. મોહલ્લો, લત્તો (૨)
૧૧. રસિક (૪)
૧૩. ઉગ્ર, આકરું (૩)
૧૫. મજબૂતાઇ, ટકી રહેવાપણું (૩)
૧૭. એક જંતુ (૨)
૧૮. ભયકારાવાળું, આબરૂવાળું (૪)
૨૦. લાગ, પ્રસંગ (૨)
૨૧. અમિતભાની એક ફિલ્મ (૪)
૨૩. ભપકો, દેખાવ, આબરૂ (૨)
૨૩. જંગલની શોભા (૩)
૨૪. થાવું સામે આક્રમણ (૨)
૨૮. જુસ્સો, અધીરાઇ (૫)
૩૧. "ઈશ્ક઼ના... મીઠાં" (૨)
૩૨. નસ, વલણ (૨)
૩૩. સમય, વખત (૨)
૩૪. પવિત્ર, શીલવાન (૨)

ઊભી ચાવી
૧. ઠગોરકડો (૫)
૨. કેડે વીંટાળવાનું એક વસ્ત્ર (૨)
૩. ઈજ્જત, પ્રિય (૨)
૪. માલિશ કરવું તે (૩)
૫. વહેમી (૪)
૭. કપૂરમાં મસાલો નાખી કરેલો સુગંધી પદાર્થ (૩)
૧૦. ઢીલ, વિલંબ (૨)
૧૨. ઘર, સ્થેકાણ, મકાન (૩)
૧૩. જીવ વિનાનું (૨)
૧૪. જોનાર, પ્રેક્ષક (૩)
૧૬. સરોવર, તળાવ (૩)
૧૭. કિનારો
૧૮. કાચું (૨)
૧૯. પાલવ, છેડો (૩)
૨૦. પુત્રી (૩)
૨૧. સરખા અંતરે આવેલું (૪)
૨૨. હેમંત, નિરંતર (૩)
૨૪. ટેક, આબરૂ (૨)
૨૫. નાસ્તેળી (૩)
૨૭. મીઠું (૩)
૨૮. પર્વત (૨)
૩૦. પ્રખ્યાત, સુંદર (૨)

૭૨૮૦ - ૭૯૬૬ ઉકેલ

આજનું પંચાંગ

તા. 28/10/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 — શાકે : 1948
વીર સંવત : 2552 — માસ : આસો
તિથિ: વદ: ત્રીજ: 25:08
અયન : દક્ષિણાયન — ઋતુ : હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક:06 યોગ : વ્યતિપાત
કરણ: વણિજ — નક્ષત્ર : કૃતિકા:- 13:27
રાશિ: વૃષભ (બ.વ.ઉ)
દિવસ : મિશ્ર: બુધ પશ્ચિમમાં અસ્ત
સુર્યના સૂર્યોદય: 06:41 — સુર્યાસ્ત: 18:04
નવકારશી : 07:29
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 15 મો રોજ
મુસ્લિમ વર્ષ : 1448 જમાદીલ ઊલ અવ્વલ માસનો 16મો રોજ
દિવસનાં ચોઘડિયા: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયા: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે: 12:00 થી 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હસરાજ

મેષ (અ,લ,ઇ): ઘર પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. ઉધરાણી આવી શકે છે. શિક્ષણમાં પ્રગતિ.

વૃષભ (બ,વ,ઉ): રોમેન્ટિક મુલાકાત થાય. સમાજમાં માન વધે. દાંપત્યમાં તાલમેલ રહે. આવક વધે.

મિથુન (ક,છ,ઘ): ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. લોકોને મદદરૂપ બનશો. વિદેશના કામમાં ગતિ આવે.

કર્ક (ડ,હ): સ્નેહીઓ મિત્રોનો સાથ મળે. પુત્રી સંતાનથી શાંતિ મળે. નવા આર્થિક સંજોગથી લાભ.

સિંહ (મ,ટ): મોજ-શોખ પાછળ ખર્ચ થાય. આવક સાથે આવકના ઘર. પ્રવાસ આયાત-નિકાસમાં ફાયદો. આવક સારી રહે.

કન્યા (પ,ઠ,ણ): વિદેશ પ્રવાસ આયાત-નિકાસ અને કાયદા કાનૂનને લગતા કામ થાય. શુભ સમાચાર મળે.

તુલા (ર,ત): ખાવા-પીવામાં સાવધાની રાખવી. નોકર-ચાકરથી નુકસાન થઇ શકે છે. ખર્ચા વધશે.

વૃશ્ચિક (ન,ય): રોજગી આવક વધે. રોકાણથી નવી યોજના બને. ઉમરલાયકને વિવાહની ઓફર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ): વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણથી લાભ થાય. સંતાનની ચિંતા સતાવે. મિત્રોનો સાથ મળે.

મકર (ખ,જ): મોજ-શોખ બાબતે પ્રવાસ થાય. સંતાનોની સતાવે. મિત્રોનો સાથ મળે.

કુંભ (ગ,સ,શ,ષ): વારસાના કામમાં વડીલની મદદ મળે. નવા ઘરની યોજના પાર પડે. નોકરીમાં પ્રગતિ.

મીન (દ,ચ,ઝ,થ): મિત્રો સાથે વ્યવસાયની યોજના પાર પડે. શિક્ષણ, ટેકનોલોજીને લગતા કામમાં લાભ.

કોઇ પણ સાલમાં 28 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. ધંધામાં આવક ઉધરાણીનો ફાયદો થાય. નોકરી ધંધામાં હરીફો વધે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરિયરમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. ટેકનોલોજીનો લાભ મળે. આવક વધવાની યોજનામાં ચડતી પડતી રહે. વારસા બાબતે જમીન વડે. વિદેશના કામ ગતિ પકડે. વિવાહમાં મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સફળતા રહે. વડીલો મિત્રોની મદદ સામાજિક કામમાં મળે. સ્ત્રી વર્ગને નોકરીમાં પ્રગતિનો અનુભવ થાય. જીવનસાથી સાથે સામાજિક સમસ્યા સતાવશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. નોકરી-ધંધામાં નવા ફેરફારથી ઉદાસ રહે. જુલાઇ-ઓગસ્ટમાં રવિ-સોમવારે 01,10,28 તારીખે નવા કામ કરવાં. સુખરી, ભૂરા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બરમાં શનિ, શુક્રવારે 07,16,25 તારીખે નવા કામ ટાળવા. શ્યામ રંગનો ઉપયોગ ઓછો કરવો.